# કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આકૃયુ,વસો ખાતે "પર્સનાલીટી ડેવલપમેન્ટ ફોર પ્રોફેશનલ એક્ષેલન્સ" વિષય પર તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટીનાં મા. કુલપતિ શ્રી ડૉ. કે. બી. કથીરિયા ના માર્ગદર્શન હેઠળ તા. ૨૧ ઓગષ્ટ, ૨૦૨૩ ના રોજ "વર્લ્ડ આન્ત્રેપ્રેન્યોર દિવસ" ની ઉજવણી ના ભાગરૂપે તા.૨૧–૨૨/૦૮/૨૦૨૩ એમ બે દિવસીય "પર્સનાલીટી ડેવલપમેન્ટ ફોર પ્રોફેશનલ એક્ષેલન્સ"વિષય અંગેનો તાલીમ કાર્યક્રમ પ્લેસમેન્ટ સેલ, કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો અને પ્રસાર શિક્ષણ કેન્દ્ર, આકૃયુ, આણંદ ના સંયુક્ત ઉપક્રમે યોજાઈ ગયો. જેમાં વસો કેમ્પસની બંને કોલેજના વિદ્યાર્થીઓએ તથા ફેકલ્ટીએ ઉત્સાહભેર ભાગ લીધેલ. સદર તાલીમમાં વિદ્યાર્થીઓને તેઓની કારકિર્દી ઘડતર માં ઉપયોગી એવી વિવિધ કુશળતાઓ જેવી કે પર્સનાલીટી ડેવેલોપમેંટ અને તેને અસરકર્તા પરિબળો અને તેનો વિકાસ, કમ્યુનિકેશન સ્કીલ, પબ્લિક સ્પીકિંગ સ્કીલ, નોન વર્બલ કમ્યુનિકેશન સ્કીલ ,ગુડ હેબીટ–બેડ હેબીટ, ગુડ હેબીટ ડેવેલોપમેન્ટ, મોરલ વેલ્યુસ અને એથીક્સ વગેરે વિષય પર વિવિધ દ્રશ્યશ્રાવ્ય સાધનો ના ઉપયોગ દ્વારા તથા પ્રશ્નોતરી દ્વારા ખુબજ રસપ્રદ રીતે પ્રસાર શિક્ષણ કેન્દ્ર ,આકૃયુ, આણંદ ના ફેકલ્ટી ડૉ. કેયુર ગરધરિયા તથા ડૉ. પાયલ વિહારીયા એ વિગતવાર સમજણ આપેલ. આચાર્યશ્રી ડૉ. વી. પી.રામાણીએ તાલીમ દરમ્યાન પોતાના અનુભવો અને જ્ઞાન વડે વિવિધ વિષય પર સતત પ્રકાશ પાડી આ તાલીમ ને વધુ રસપ્રદ બનાવેલ.તાલીમને અંતે વિદ્યાર્થીઓ એ પોતાના પ્રતિભાવો દ્વારા તાલીમ તેમને કેટલી ઉપયોગી બનશે તે અંગે જણાવેલ. આ તાલીમમાં વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીની બહોળી હાજરી તથા ઉત્સાહે કાર્યક્રમને સફળ બનાવેલ. આ સમગ્ર તાલીમ કાર્યક્રમનું સફળ સંચાલન પ્લેસમેન્ટ ઓફીસર ડૉ.બી. એમ. ક્રિશ્ચિયન દ્વારા કરવામાં આવ્યું.

## કાર્યક્રમની ઝાંખી






Training Programme on
Personality Development for Professional Excellence
World Entrepreneurship Day
Jointly Organized by
and


AAU
Training Programme on
Personality Development for
Professional Excellence
On the occasion of
World Entrepreneurship Day
Jointly Organised by
College of Agriculture, AAU, Vaso
and
Extension Education Institute, AAU, Anand
Venue: COA, Vaso
Date: 21 to 22 Aug,



******